ગુજરાત સરકાર
નર્મદા અને જળસંપત્તિ વિભાગ
સચિવાલય, ગાંધીનગરફ
ક્રમાંક:એમ આઇ એસ/૧૦૯૫/૫૦/આઇ
તા.૬-૪-૯૫.

પ્રતિ,
અધિક્ષક ઇજનેરશ્રી
પંચાયત સિંચાઇ વર્તુળ,
વડોદરા/ગાંધીનગર/રાજકોટ
અધિક્ષક ઇજનેરશ્રી
ક્ષાર પ્રવેશ અંકુશ, રાજકોટ.

વિષય: જુના કામોના પુનરોધ્ધાર બાબત.

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે સ્વૈચ્છિક સંસ્થા તેમના ફંડમાંથી પંચાયત હસ્તકના તેમજ ક્ષાર પ્રવેશના જુના ચેકડેમના કામના પુનરોધ્ધાર કરવા માગે તો નીચેની શરતોને આધીન રહીને પુનરોધ્ધાર કરવા માટે પરવાનગી આપવામાં આવે છે.

(૧) આ કામ સ્વૈચ્છિક સંસ્થાઓથી તેમના પોતાના ફંડ/પરદેશી સહાયથી કરશે અને તેને માટે નર્મદા અને જળસંપત્તિ વિભાગ કોઇ નાણાકિય બોજો ભોગવશે નહી.

(૨) સદરહુ પુનરોધ્ધાર અંગેની વિગતો જેવી કે ચેકડેમનુ સ્થળ, તેના બાંધકામ અંગેની ઉપલબ્ધ માહિતી ચેકડેમની હાલની સ્થિતિની ટેક્નીકલ માહિતી પુનરોધ્ધર કરવા માટે ટેક્નીકલ માહિતી સ્વૈચ્છિક સંસ્થા સબંધિત અધિક્ષક ઇજનેરશ્રીને સાદર કરશે.

(૩) પુનરોધ્ધાર કરવા માટેના નકશા અને અંદાજપત્રો સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા જ બનાવવા ના રહેશે અને આ નકમા તથા અંદાજપત્ર સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી/કાર્યપાલક ઇજનેરશ્રીને રજુ કરવાના રહેશે/ધ્યાન પર લાવવાના રહેશે. સબંધિત અધિક્ષક ઇજનેર/કાર્યપાલક ઇજનેરને જો કોઇ રીમાર્કસ હોય તો તે દિન-૧૫ માં સ્વૈચ્છિક સંસ્થાઓને જણાવશે, જેથી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમના નિયત કાર્યક્રમ પ્રમાણે કાર્યવાહી કરી શકે.

(૪) સ્વૈચ્છિક સંસ્થાઓ પુનરોધ્ધાર કરવાના આયોજનની વિગતો સબંધિત અધિક્ષક ઇજનેરશ્રીને રજુ કરશે. પુનરોધ્ધાર કરવાની વિગતો અને તે વિશેની વિગતો સબંધિત અધિક્ષક ઇજનેરશ્રીને રજુ કરશે.

(૫) બાંધકામ પુરુ થયા પછી તેની મરામત અને સંભાળ સ્થાનિક સંસ્થા લેશે તે વિશેની બાંહેધરી સ્વૈચ્છિક સંસ્થા પ્રમાણે આપશે. યોજનાનો માલિકી હક્ક રાજ્ય સરકારનો રહેશે.

સહી/-
(એમ.જે.વણકર)
સેકશન અધિકારી
નર્મદા અને જળસંપત્તિ વિભાગ